# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૧૦ * જૂન, ૨૦૦૮



વીતરાગ પણ પોતાની પર્યાય જે સમયે દીઠી તે સમયે થાશે તેને તે ફેરવી શકે નહીં તો બીજાની પર્યાયને બીજો ફેરવી શકે એ તો નહીં પણ એ બીજો પણ પોતાની પર્યાયને આડી-અવળી કરી શકે—ફેરફાર કરી શકે એ પણ નહીં.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❋ હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં અતિશય ભકતિયુક્ત ભવ્ય જીવો પાસે બધી સિદ્ધિઓ એક રમત માત્રમાં જ (અનાયાસે જ) પ્રાપ્ત થાય છે. ૧૦૩૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૨૨)*

❋ જો ઇન્દ્રિય ઔર મનકો જીતે બિના તથા જ્ઞાન-વૈરાગ્યકી પ્રાપ્તિકે બિના હી મોક્ષકે લિયે ધ્યાનકા અભ્યાસ કરતે હૈં, વે મૂર્ખ અપને દોનોં હી ભવ બિગાડતે હૈં. ૧૦૩૬.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૨૨)*

❋ હે જિનેન્દ્રદેવ! અનંત શક્તિયુક્ત, દોષરહિત, પરિપૂર્ણ આત્માને મ્યાનથી જુદી તરવારની જેમ શરીરથી તદ્દન જુદો કરવાની-અનુભવવાની શક્તિ આપની કૃપા વડે મને પ્રાપ્ત થાઓ. ૧૦૩૭. *(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૨)*

❋ હે સચ્ચે શ્રોતા! જો જો આત્મા ઉદય હોકર પ્રફુલ્લિત કમલકે સમાન પૂર્ણ હો જાતા હૈ વહી આત્મા અપને જ્ઞાનપ્રકાશમેં આચરણ કરતા હુઆ સિદ્ધસ્વભાવમેં લીન રહતા હૈ. હે સચ્ચે શ્રોતા! ઉસ ઉસને અપને આત્માકો સાધન કર લિયા હૈ અર્થાત્ જો આત્માકા સચ્ચા સાધન કરતા હૈ વહ સિદ્ધ હો જાતા હૈ. ૧૦૩૮.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૩૫)*

❋ જો ધર્મસે અધિષ્ઠિત (સહિત) આત્મા હૈ, ઉસકે સાથ સર્પ, અગ્નિ, વિષ, વ્યાધિ, હસ્તી, સિંહ, રાક્ષસ તથા રાજાદિક ભી દ્રોહ નહીં કરતે હૈં અર્થાત્ યહ ધર્મ ઇન સબસે રક્ષા કરતા હૈ અથવા ધર્માત્માઓંકે યે સબ રક્ષક હોતે હૈં. ૧૦૩૯.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મભાવના, શ્લોક-૧૭)*

❋ હે ઈશ! આપના સાન્નિધ્યની સૌરભ વડે અતત્ત્વવચનો પણ તત્ત્વ પ્રતિપત્તિમાં અત્યંત કુશળ થઈ જાય છે; કેમકે પદે પદે એકાંતરૂપ વિષનું વમન કરનારા તે વચનો પણ આપના માર્ગમાં સ્યાત્ પદથી અલંકૃત થતાં પદે પદે અમૃત ઝરે છે. ૧૦૪૦.

*(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ-૨૦, શ્લોક-૧)*

❋ જેમ મંત્રના પ્રભાવથી સર્પનું વિષ ઉતરી જાય છે તેમ અતિ તીવ્ર કામની પીડા પણ આત્મજ્ઞાનના બળથી નિયમથી શાંત થઈ જાય છે. ૧૦૪૧.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૧૩)*

વર્ષ-૨
અંક-૧૦




સંવત
૨૦૬૪
June
A.D. 2008

# હું તો એક જ્ઞાયકભાવ છું

આ શ્રી સમયસાર શાસ્ત્ર છે. તેમાં ૬ઠ્ઠી ગાથા ચાલે છે.

શિષ્યનો પ્રશ્ન એમ હતો કે 'શુદ્ધ આત્મા' જે તમે કહો છો તે કોણ છે? કેવો છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ અને જેને જાણવાથી હિત થાય અને અહિત ટળે એ શું ચીજ છે? ત્યારે કહ્યું કે એ આત્મા અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. એ સંસાર અવસ્થામાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર દુરંત કષાયચક્ર એનો જે ભાવ શુભાશુભ થાય છે એ શુભાશુભપણે જ્ઞાયક થતો નથી પણ તેની અવસ્થામાં-પર્યાયમાં થાય છે.

જ્ઞાયકભાવ જે વસ્તુ છે એ શુભાશુભપણે થતી નથી. જે વસ્તુ છે તે જ્ઞાનરસ, જ્ઞાનપ્રકાશસ્વરૂપ છે અને શુભાશુભભાવ છે તે અચેતન અંધારા સ્વરૂપ છે, તે રૂપે આત્મા થાય તો આત્મા જડ થઈ જાય. આહાહા! તેથી એ શુભ અને અશુભભાવરૂપે જ્ઞાયક વસ્તુ નહીં થવાથી-નહીં પરિણમવાથી પ્રમત્ત-અપ્રમત્તના પર્યાયના ભેદો તેનામાં નથી આહાહા!

મૂળ ગાથા છે. છઠ્ઠીના લેખ કહે છે ને! આહાહા! જ્ઞાયકવસ્તુ ચૈતન્ય જે એકલો જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ સ્વરૂપે બિરાજમાન છે એ રાગરૂપ કેમ થાય? જિનસ્વરૂપે વીતરાગસ્વરૂપે બિરાજમાન જ્ઞાયકભાવ તે રાગરૂપે કેમ થાય? આહાહા!

શ્રોતા :—ત્યારે રાગરૂપે કોણ થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાયમાં રાગ છે, વસ્તુમાં રાગ નથી! આહા! એવો ચૈતન્ય

પ્રકાશનો ચૈતન્ય પુંજ પ્રભુ એ અશીતળ એવા વિકાર અને આકુળતારૂપે કેમ થાય? આહાહા! ભગવાન જિનચંદ્રસ્વરૂપ પ્રભુ! આહા! વસ્તુ શું છે? ચૈતન્યના રસથી ભરેલો પ્રભુ જ્ઞાયકભાવ-વસ્તુસ્વભાવ એ અચેતન એવા શુભાશુભ પરિણામના ભાવપણે કેમ થાય? તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.

જ્ઞાયકભાવ એ શુભાશુભભાવે પરિણમતો નથી તેને તમે શુદ્ધ કેમ કહ્યો?-તો કહે છે કે તે શુદ્ધ તો છે જ પણ ભિન્ન ઉપાસવામાં-કરવામાં આવતા તેને શુદ્ધ જણાય છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ જ છે. આહાહાહા! આવો મારગ! છે તો એ ત્રિકાળ શુદ્ધ પણ જે અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યની પર્યાયમાં એનું સેવન કરે....આહાહા! એનો અર્થ એ થયો કે જ્યાં અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટ્યું ત્યાં સ્વદ્રવ્યના ભાવ તરફની ઉપાસના થઈ અને વિકારનું લક્ષ પણ એમાં ભેગુ છૂટી ગયું આહાહા!

જે અન્ય દ્રવ્યના ભાવમાં અસ્તિત્વપણાનું જોર છે તે છોડવું એટલે એની પર્યાય અંતર ચૈતન્ય જ્ઞાયકભાવ છે તેમાં ગઈ એટલે પર્યાયે તેનું સેવન કર્યું. આહાહા! જે વર્તમાન જ્ઞાન ને શ્રદ્ધાની પર્યાય છે એ પરના લક્ષને છોડીને સ્વના-ચૈતન્યના-જ્ઞાયકભાવના લક્ષમાં જ્યાં આવી ત્યારે તેનામાં શુદ્ધતાનું સેવન થયું એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ અને એ એકાગ્રતામાં જાણ્યું કે 'આ શુદ્ધ છે'. બહુ ઝીણી વાત છે બાપુ! આહાહા!

તે સમસ્ત દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં વસ્તુ તો શુદ્ધ જ છે એમ જણાયું. પર્યાયમાં-શુદ્ધ દશામાં 'આ શુદ્ધ છે' એમ જણાયું એને 'શુદ્ધ' કહેવાય છે. આહાહા! સમજાય છે?

એક કોર ભગવાન આત્મા જ્ઞાયકભાવ અને એક કોર બીજા બધા અનંતા દ્રવ્યો આહાહા! અહીંથી-ત્રિકાળીથી લક્ષ તો અનાદિથી છૂટી ગયેલું છે. તેથી એની પર્યાયમાં 'આ શુદ્ધ છે' એવી દૃષ્ટિ થઈ નથી. તેથી, અન્ય દ્રવ્યનાં ભાવને દ્રવ્યથી જુદું પાડતા જ્યાં દ્રવ્ય ઉપર લક્ષ ગયું ત્યાં તે વર્તમાન પર્યાયમાં શુદ્ધતા થઈ અને એ શુદ્ધતા દ્વારા 'આ શુદ્ધ છે' એમ જણાયું. આહાહા!

પર્યાયમાં અશુદ્ધતા જણાય છે અને એ અશુદ્ધતા ઉપર જ જેનો અનુભવ અને પર્યાયબુદ્ધિ ઉપર જ જેની રુચિ-દૃષ્ટિ છે એને તો શુદ્ધ છે નહીં. વસ્તુ ભલે શુદ્ધ છે પણ એને શુદ્ધ છે નહીં. આહાહાહા! ગજબ વાતો છે સમયસારમાં!! તેની એક એક ગાથા, એક એક પદ સર્વજ્ઞને અનુસરનાર છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી ચીજ જ આ

સંતો કહે છે! આહાહા! અને તે ન્યાયથી ખ્યાલમાં આવી શકે છે. ન્યાયથી ખ્યાલમાં આવે ને પછી અંદરમાં જાય તો અનુભવ થાય. આહાહાહા!!

એ ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપમાં શુભાશુભ ભાવ નથી, પ્રમત્ત-અપ્રમત્ત ભેદ નથી અને તેમાં પર્યાય પણ નથી! આહાહાહા! જેનો અભિપ્રાય રાગનો અને પરની રુચિ છે એવા રુચિવાળાને પણ આ વસ્તુ તો જિનસ્વરૂપ જ છે, શુદ્ધ જ છે. શુદ્ધ કહો, જિનસ્વરૂપ કહો, જ્ઞાયક કહો, ધ્રુવ કહો, અભેદ કહો કે સામાન્ય કહો. આહાહાહા! એવી ચીજ હોવા છતાં અજ્ઞાનીને પર ઉપર લક્ષ છે તેથી તેની સમીપમાં એ ત્રિકાળી દ્રવ્ય પડ્યું છે તેની એને ખબર નથી.

આહાહાહાહાહા! એક સમયની પર્યાયની સમીપમાં પ્રભુ પડ્યો છે! એક સમયની જ્ઞાનની જાણવાની પર્યાયની સમીપમાં જ અનાકુળ આનંદનો નાથ ભગવાન પડ્યો છે. આખો ધ્રુવ ચિદાનંદ પ્રભુ સમીપ જ પડ્યો છે પણ ત્યાં તેની નજર નથી. આહાહા! પ્રભુ! તારી પ્રભુતાનો પાર ન મળે! આહાહા! જેની પ્રભુતાની પૂરણતાનું કથન કરવું કઠણ પડે એવો તું સર્વોત્કૃષ્ટ નાથ અંદર બિરાજે છે. આહાહા! તેને એક સમયની પર્યાયની સમીપમાં પડેલો નજરમાં આવતો નથી. જ્ઞાનની એક સમયની પર્યાયનો સ્વભાવ તો એવો છે કે આખા દ્રવ્યને તે જાણે છે. સમજાણું કાંઈ? આહાહાહા! એક સમયની એ જ્ઞાનની ઉઘડેલી વર્તમાન પર્યાય જે છે તેમાં એ દ્રવ્ય જ જણાય છે, પણ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી. આહાહાહા! અનાદિથી અજ્ઞાનીની દૃષ્ટિ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામમાં અથવા તેને જાણનારી એક સમયની પર્યાયમાં પડી છે તે મિથ્યાદૃષ્ટિ છે, સત્યદૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ છે.

સત્ય પ્રભુ જે જ્ઞાયક ભાવ, સત્યાર્થ, ભૂતાર્થ, સત્ સાહેબ પૂર્ણાનંદનો પ્રભુ તેની ઉપર એની નજર જ નથી. એ છે તો પર્યાયમાં જણાય એવી ચીજ અને તે જ જણાય જ છે. શું કહ્યું?-કે જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા પોતે જ જણાય છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, તેના કેડાયતો સંતો એમ કહે છે કે પ્રભુ! એક વાર સાંભળ! તારી વર્તમાન જે જ્ઞાનની એક સમયની દશા, તેનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી, ભલે તારી નજર ત્યાં ન હોય પણ, તેમાં દ્રવ્ય જ જણાય છે. આહાહાહાહા! અરેરે! એ ક્યાં વાત છે? ક્યાં જાવું છે ને પોતે કોણ છે તેની ખબરું ન મળે! આહાહા!

ભગવાન આત્મા ત્રિલોકનાથ એમ કહે છે કે પ્રભુ તું જેવડો મોટો પ્રભુ છો એવડો તારી એક સમયની પર્યાયમાં અજ્ઞાનમાં પણ જણાય છો! કારણ કે જ્ઞાનની પર્યાયનો સ્વ-

પરપ્રકાશક સ્વભાવ છે તેથી તે પર્યાયમાં સ્વપ્રકાશે છે પણ તારી નજરું ત્યાં નથી. આહાહાહા! તારી નજર દયા, વ્રત, ભક્તિ, પૂજા–એવો જે રાગ તેના ઉપર છે! તે રાગની આગળ–તે રાગને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તે પર્યાય જ સ્વને જાણનારી છે, પણ તેમાં તારી નજર નહીં હોવાથી તને રાગ ને પર્યાય જ જણાય છે, તે મિથ્યાબુદ્ધિ–મિથ્યાદૃષ્ટિ છે. આહાહાહાહા! સમજાણું કાંઈ?

આહાહા! અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટી એટલે કે અન્ય દ્રવ્યના ભાવના ભાવથી લક્ષ છૂટ્યું ત્યાં રાગથી પણ લક્ષ છૂટ્યું અને ત્યારે પર્યાયથી પણ લક્ષ છૂટી ગયું. આહાહાહા! આવી વાત છે બાપુ! ઘણાં લોકો એમ ને એમ જિંદગી ગાળીને ચાલ્યા જશે. તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના તો ચોરાશીના અવતાર કર્યા બાપા! ચોરાશીને અવતાર કર્યા! ત્યાં કોઈ તારું નથી અને તું ત્યાં નથી ત્યાં જઈને અવતરશે. આહાહા! તો એકવાર જ્યાં પ્રભુ છે ત્યાં નજર કર ને કે જ્યાં ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, પ્રભુ એકલો અખંડ આનંદનો કંદ પૂર્ણાનંદ ચૈતન્યરસથી ભરેલો નિજસ્વરૂપ આત્મા છે, એ ત્રિકાળી જિન સ્વરૂપી પ્રભુ વીતરાગ તે હું છું.

એક સમયની જ્ઞાનની જાણવાની પર્યાયે જ્યાં પરનું લક્ષ છોડ્યું, રાગનું લક્ષ છોડ્યું ત્યાં પર્યાય ઉપરથી પણ લક્ષ છૂટી ગયું. આહાહાહા!

'અન્ય દ્રવ્યોના સમસ્ત.....' સમસ્ત લીધું ને! તેમાં તીર્થંકર અને તીર્થંકરની વાણી તેના ઉપરથી પણ લક્ષ છોડી દે. આહા! સમસ્ત અન્ય દ્રવ્ય અને તેના ભાવ! આહાહાહા! ભગવાનનો ભાવ તો કેવળજ્ઞાન, કર્મનો ભાવ તે પુણ્ય–પાપનો રસ, એ બધાથી લક્ષ છોડી દે. આહાહા!

રાગથી–નિમિત્તથી જુદો આત્મા જ્ઞાયક ભગવાન પૂર્ણ સ્વભાવથી ભરેલો જિનચંદ્ર વીતરાગી શીતળ સ્વભાવથી પૂરણ ભરેલો ભગવાન તેના ઉપર લક્ષ જવું એટલે કે એની પર્યાયમાં તેનું લક્ષ થવું એટલે કે દ્રવ્યનું લક્ષ થવું એ એની સેવા છે. આહાહા! કેટલું ભર્યું છે તેમાં આહાહા!

અરેરે! જગત ક્યાં પડ્યું છે અને ક્યાં ચાલ્યું જાય છે! અનાદિથી રખડતું ચોરાશીના અવતાર કરી કરીને કાગડાનાં, કૂતરાનાં, નિગોદનાં ભવ કરી મિથ્યાત્વથી રખડી મર્યો છે. અનંતવાર દિગંબર સાધુ ય થયો પણ દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર રહી. આહાહા!

'એ ભિન્નપણે ઉપાવસાવમાં આવતો શુદ્ધ કહેવાય છે.' એ રાગ ને પર્યાયનું લક્ષ છોડી સ્વરૂપની સેવા કરનાર એટલે સ્વરૂપનું લક્ષ થતાં તેની પર્યાયમાં જે શુદ્ધતા થાય એ શુદ્ધતાની પર્યાયે દ્રવ્યને સેવી એટલે દ્રવ્યનો સ્વીકાર કર્યો. આમ, શુદ્ધતાની પર્યાયમાં શુદ્ધ જણાયો તેને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહાહા! ગંભીર ભાષા છે ભાઈ આ તો!! આહાહા! ગજબ વાત છે!

વીતરાગ ત્રણ લોકના નાથ, એની વાણીનું એ સંતો આડતીયા થઈને જાહેરાત કરે છે. પ્રભુ તું કોણ છો? એ તને ક્યારે ખબર પડે? તું જ્ઞાયક છો કે જેમાં શુભાશુભ ભાવ છે જ નહીં અને તેથી તેમાં પર્યાય પણ નથી પણ એ તને ક્યારે ખબર પડે?–કે તું જ્યારે પરનું લક્ષ છોડી દઈ દ્રવ્યને ધ્યેય બનાવ. દ્રવ્યને ધ્યેય બનાવીને જે પર્યાયમાં એનો સત્કાર થયો, ઉપાસના થઈ, શુદ્ધતા પ્રગટી તે સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાયમાં આ શુદ્ધ છે એમ જણાય છે. સમજાણું કાંઈ! આહાહા! આવી કઠણ વાત છે બાપુ! લોકોને વીતરાગ માર્ગ મળ્યો નથી. લોકો તો બહારની પ્રવૃત્તિ અને રાગમાર્ગ–સંસારમાર્ગ છે એમાં પડ્યા છે, એમાં જ રચ્યા–પચ્યા છે. અત્યારે તો પૂજા ને ભક્તિ, વ્રત ને તપ અપવાસ એ બધો રાગમાર્ગ છે, અન્ય માર્ગ છે, એ જૈનમાર્ગ નથી. આહાહાહાહા! આકરી વાત છે બાપા! શું થાય?

આ અનંતકાળ એમ ને એમ વયો ગયો. જૈનમાં અનંતવાર જન્મ્યો, ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો. આહાહા! પણ અહીં જ્યાં જવું છે ત્યાં ન ગયો અને એની રીત શું છે એની પણ ખબર ન પડી. આહાહા! આ એક લીટીમાં આવો ભાવ ભર્યો છે. તેનો પાર પડે એવું નથી બાપા! આહાહા!!

ભગવાન પૂર્ણાનંદ સિવાય પર ચીજની અધિકતા, વિશેષતા, અચિંત્યતા, ચમત્કાર બધું છૂટી ગયા છે. અધિક હોય તેપણ હું, શુદ્ધ હોય તેપણ હું, ચમત્કારિક ચીજ પણ હું અને પ્રભુ પણ હું! સમજાણું કાંઈ? આહાહા!

અરેરે! જગતમાં બાયડી, છોકરા અને ધંધાની મજૂરી કરીને જિંદગીયું હાલી જાય છે. રાગના મોટા મજૂર છે! આહાહા! કદાચિત્ શુભભાવમાં આવ્યો ને શુભ કરે તો તે પણ રાગની મજૂરી છે. આહાહા! શુભરાગ એ મજૂરી છે! એ તારી ચીજ નહીં. પ્રભુ તારી ચીજમાં તો ચૌદ ગુણસ્થાનના ભેદ પણ નથી અને પર્યાય પણ નથી. એવી ચીજને પકડતાં જે પર્યાય થાય એ પર્યાયની શુદ્ધતામાં આ શુદ્ધ છે એમ જણાય છે. આહાહા!

ભગવાન આત્મા દયા, દાનના વિકલ્પ અને વ્રતના ભાવથી જણાય એવો નથી. કારણ કે રાગ છે એ તો દુઃખ છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ રાગ છે એ તો દુઃખ છે. આહાહા! અને ભગવાન તો આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. આહાહા! એની સેવા એટલે એનો સત્કાર-આદર, બીજી બધી વસ્તુ કરતાં પોતાનું અધિકપણું ભાસતાં પર્યાયમાં જે નિર્મળતા પ્રગટ થાય એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહાહાહા! ગજબ વાત છે ને! આ પ્રભુનાં વચનો છે બાપુ! બાકી બધાં થોથા છે. આહાહાહા! સમજાણું કાંઈ?

આહાહા! મૂળ ભગવાન પડ્યો છે ત્યાં જોતો નથી. પુણ્ય ને પાપના ભાવ રાંકા છે, પામર છે, ભિખારા છે તેને પકડીને બેઠો છે. એક સમયની પર્યાય પણ પામર છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવને પૂરણ પરમાત્માની અસ્તિ પર્યાયમાં જણાય છતાં એ પર્યાય કેવળજ્ઞાનની પાસે પણ પામર છે; તો જ્યાં હજુ પર્યાયમાં શું વસ્તુ છે એ જણાણી નથી ને પરને જાણીને પર્યાયમાં બેઠો છે એ તો ભિખારામાં ભિખારી પર્યાય છે, રાંક પર્યાય છે. જેમાં ભગવાન આવ્યો નથી, જે પર્યાયમાં પામર એવા પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આવે છે તે પર્યાય તો ભિખારી-પામર છે. આહાહા!

અહીં તો એમ કહેવું છે કે પર્યાયમાં જેણે અન્ય દ્રવ્યથી ભિન્ન પડીને શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુનો આદર-સત્કાર કર્યો ત્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થયું અને એ સમ્યગ્દર્શને 'આ શુદ્ધ છે' એમ જાણ્યું. આહાહા! એ સમ્યગ્દર્શન પણ કેવળજ્ઞાનની આગળ પામર છે અને ત્રિકાળી વસ્તુની પાસે એ પણ પામર છે. આહાહાહા!

નિત્ય પ્રભુ શુદ્ધ ચૈતન્યધાતુ ચૈતન્યપણું જ જેણે ધારી રાખ્યું છે, જેમાં પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, વિકલ્પની ગંધ નથી, જેમાં ચૌદ ગુણસ્થાનની પર્યાયની ગંધ નથી, અરે! તેરમું ગુણસ્થાન 'સયોગી કેવળી' એ પણ જેનામાં નથી, કારણ કે એ તો પર્યાય છે; એવા ભગવાનને જેણે શોધ્યો, સાધ્યો અને શુદ્ધ છે તેમ પર્યાયમાં અનુભવ થયો તેને એ આત્મા-જ્ઞાયક શુદ્ધ છે, ભૂતાર્થ છે એમ કહેવામાં આવે છે. આહાહાહા! આવી વાત છે બાપુ! અત્યારે તો શ્રદ્ધાના નામના મોટા ગોટા છે. ભલે મોટા વ્રત પાળે, ભક્તિ કરે, મંદિરમાં કરોડો રૂપિયા ખર્ચે પણ એ બધા ખોટા ગોટા છે, ફોફા ખાંડે છે! રાગની મંદતા હોય તો એ તો પુણ્યના થોથા છે. આહાહા! પણ એમાં જન્મ-મરણનો અંત નથી પ્રભુ! એ તો બધા જન્મ-મરણના બીજડાં છે. આહાહા!

શુભભાવ મારો છે ને હું તેનો કર્તા છું એવો મિથ્યાત્વભાવ, આહાહા! અનંતા

ચોરાશીના અવતારનો એ ગર્ભ છે, તેમાંથી અનંતા અવતાર નિગોદ ને નરક ને પશુને ઢોરના થશે. આહાહાહા! ત્યાં કોઈની સિફારીશ નહીં ચાલે કે અમે ઘણાને સમજાવ્યા હતા......ઘણાને વાડામાં-જૈનમાં ભેગા કર્યા હતા......આહાહા! બાપુ, એ વસ્તુ જુદી છે. આહાહા! બોલવાનો વિકલ્પ પણ મારો નથી. ભગવાન ત્રણ લોકના નાથ અને તેમની વાણી પણ મારી નથી, તેના લક્ષમાં જાવ તો મને રાગ થાય; તેનું લક્ષ છોડીને, એક સમયની પર્યાયની પાસે જે ચૈતન્ય ભગવાન પ્રભુ પડ્યો છે ત્યાં નજર કરતાં જે નજરમાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય એને આ આત્મા શુદ્ધ છે તેમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

છઠ્ઠી ને અગિયારમી ગાથા તો અલૌકિક છે. આહાહા! આત્માના અનુભવી સમ્યગ્દષ્ટિ-જ્ઞાની સંતોની વાણીનું શું કહેવું? 'તે જ' એટલે જ્ઞાયક પુણ્ય ને પાપપણે થયો નથી કે પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. દૃષ્ટિમાં એની સેવા આદર-સત્કાર કરે તો તેને એ દ્રવ્ય શુદ્ધ છે આહાહા!!

'પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ.......' આહાહા! એ પુણ્યમાં ધર્મ અને પાપમાં અધર્મ માનનારા પામર મિથ્યાદૃષ્ટિ એવા જીવોનું અહીં કામ નથી એમ કહે છે. આહાહા! અહીંયા તો અંતર સ્વરૂપનો સ્વીકાર કરવાનો પુરુષાર્થ કરે તેવા પુરુષાર્થવાળાની વાત છે.

'દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે.' કહે છે કે બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને 'બાળનારી' કહેવાય છે. અગ્નિ એ લાકડાને છાણાંને બાળે ત્યારે જેવો તેનો આકાર છે તેવો અગ્નિનો આકાર થાય છે પણ એ આકાર કાંઈ લાકડા કે છાણાને લઈને થયો નથી, એ તો અગ્નિનો આકાર છે. અડાયાને અગ્નિ બાળે તો અગ્નિનો આકાર અડાયા જેવો થાય પણ એ આકાર અગ્નિનો પોતાનો છે, અડાયાનો નથી; બળવાયોગ્ય વસ્તુને આકારે-અગ્નિ થઈ માટે અગ્નિ તે આકાર માટે બળવાયોગ્ય વસ્તુને આધીન થઈ એમ નથી. આહાહા! હજુ તો આ દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો હવે ઉતરશે. આહાહાહા!

દાહ્યના-છાણું, લાકડું, કોલસાના-આકારે અગ્નિ થવાથી અગ્નિને બાળનાર કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. બળવાયોગ્ય પદાર્થના જેવો આકાર થયો તેની અપેક્ષાથી અગ્નિનો તેવો આકાર થયો તેવી અશુદ્ધતા-પરાધીનતા અગ્નિને નથી. એ અગ્નિનો જેવો આકાર થયો છે તે તો તેના પોતાનાથી થયો છે. આહાહાહા!

બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને બાળનાર કહેવાય છે. 'બાળનાર' કહેતાં એમ નક્કી થયું કે બળવાયોગ્ય પદાર્થને બાળે છે પણ તેથી તે બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થઈ છે એમ નથી. એ વખતે પણ અગ્નિ તેના પોતાના આકારે જ થઈ છે. આહાહા! સમજાણું કાંઈ?

'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી......' જ્ઞેય-જણાવાયોગ્ય પદાર્થનો જેવો આકાર છે તેવો જ આકાર જ્ઞાનનો થવાથી એમ લાગે કે જ્ઞાન તે જ્ઞેયો આધીન થયું, પણ તેમ નથી! એ તો જ્ઞાનનો પોતાનો આકાર જ એ રીતે પરિણમ્યો છે. આહાહા! આ એકદમ સમજાય તેવું નથી, આહાહા!

જેમ બળવાયોગ્યને આકારે અગ્નિ થવા છતાં અગ્નિને તેવા આકાર માટે તે બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા એટલે કે પરાધીનતા નથી, અગ્નિ પોતે જ તે આકારે થઈ છે. તેમ જ્ઞેયાકાર જ્ઞાનમાં શરીર, વાણી, મન, મકાન, પૈસા આદિ આકાર દેખાય પણ જ્ઞાનનો તેવો આકાર થવામાં જ્ઞાનને જ્ઞેયોની અપેક્ષા કે પરાધીનતા નથી, જ્ઞાન પોતે પોતાથી તે આકારે થયું છે. પરને જાણવાના કાળે પરચીજ જેવી છે તે આકારે જ્ઞાન થયું પણ તે જ્ઞાનનો આકાર જણાવાલાયક પદાર્થને કારણે થયો એમ નથી; એ જ્ઞાન જ પોતે તે આકારે સ્વયં પરિણમ્યું છે. આહાહા!

'જ્ઞેયાકાર થવાથી....' હવે જરાક સૂક્ષ્મ લઈએ. જે રાગ થાય છે તે રાગના જેવી અહીં જ્ઞાનની પર્યાય થાય પણ એથી જ્ઞાનની પર્યાય રાગને કારણે થઈ એમ નથી. આહાહા! એ જ્ઞાનની પર્યાય તે આકારે સ્વતંત્ર પરિણમીને થઈ છે. આહાહા! ધર્મી જીવને આત્મજ્ઞાન થયું છે, તેને હજી રાગ આવે છે, તે રાગના આકારે અહીં જ્ઞાન થાય-પર્યાયમાં જેવો રાગ છે તેવું અહીં જ્ઞાન થાય પણ તેથી તે જ્ઞાન રાગને પરાધીન થયું એમ નથી. એ જ્ઞાનાકાર જ્ઞાન રાગના આકારે પોતે પોતાથી જ પરિણમ્યું છે, રાગને કારણે નહીં.

આ વાત સમજવાની કોને પડી છે? આહાહા! આખી દુનિયા બાવીસ-ત્રેવીસ કલાક બાયડી, છોકરા, ધંધા આદિ એકલા પાપમાં ગાળે છે. એકાદ કલાક સમય મળે ને સાંભળવા જાય ત્યાં બધું ઊંધું મારે. આહાહા! અરે.....! જિંદગીયું ચાલી જાય છે; પરમાત્માનો પોકાર છે પ્રભુ!

તે તારા સ્વભાવનો સ્વીકાર કરીને તારી શુદ્ધતા જાણી. હવે તે શુદ્ધતા જે પર્યાયમાં થઈ તે પર્યાયમાં હજી રાગાદિ થાય છે. તે રાગ જેવો છે તેવું જ જ્ઞાન અહીં થાય માટે

જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ તેમ નથી. જ્ઞાન એ રાગના જેવા જ આકારે થયું તેથી જ્ઞાનમાં જ્ઞેયનું અશુદ્ધપણું થયું નથી. એ રાગસંબંધીનું જ્ઞાન એ પોતાનું પોતાથી થયેલું જ જ્ઞાન છે, એવી જ્ઞાનની સ્વાધીનતા છે. આહાહા! મારગ વીતરાગનો બહુ ઝીણો બાપુ! અરે! અત્યારે તો એ મારગ ક્યાંય મળતો નથી. ભાઈ! શું કહીયે? સાંભળવા પણ મળતો નથી પછી કરે ક્યાં? આહાહાહા!

કહે છે કે સમ્યગ્દષ્ટિને પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતે ત્રિકાળ શુદ્ધ છે એવું જણાયું તેથી તેને શુદ્ધ કહ્યો છે. હવે, હજી જે રાગ બાકી રહ્યો તે રાગ જણાય છે. માટે 'જ્ઞાન તે રાગનો જાણનારો છે' તેમ છે? તો કહે કે 'ના'. એ રાગ સંબંધીનું જ્ઞાન રાગ-આકારે થયું એ જ્ઞાન પોતાના આકારે થયું છે. રાગને કારણે નહીં. સ્વ–પરપ્રકાશક સ્વભાવને કારણે પરપ્રકાશપણે જ્ઞાન થયું છે. આહાહાહાહા! સમજાણું કાંઈ? આવો મારગ છે ભાઈ શું કરીએ!!

સમકિતીને–જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું કે આત્મા ત્રિકાળ શુદ્ધ છે, છતાં તેની પર્યાયમાં હજી રાગ થાય છે અને તેની પર્યાયમાં શરીર, મકાન આદિ જણાય છે, તો તે જેવું હોય છે તેવું અહીં જ્ઞાન થાય છે માટે તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે થઈ એટલી પરાધીનતા છે? તો કહે ના. એ જ્ઞેયકૃત જ્ઞાન થયું નથી, તે જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ પરપ્રકાશકનો તે પ્રકારનો છે તે રૂપે થયું છે. આહાહાહા! ગહન વિષય છે બાપુ!!

અરેરે! સત્યરૂપે હાથ ન આવે ત્યાં સુધી મરી જવાના છે બિચારા! ચોરાશીના અવતારમાં રખડી રખડીને સોથા નીકળી ગયા છે બાપુ! પ્રભુ તો કહે છે કે નરકનાં એક ક્ષણનાં દુઃખ કરોડો ભવથી ને કરોડો જીભથી ન કહી શકાય. એવા દુઃખો તેં ભોગવ્યા છે. એવા એવા તેત્રીસ સાગર ને એવા અનંતવાર ભોગવ્યા છે. આહાહા! ભાઈ, એ મિથ્યાત્વને લઈને એ બધું છે. આહાહા! સમ્યગ્દર્શન વિના એ ચોરાશીનાં અવતારમાં તું મરી જઈશ બાપા! રખડીને ક્યાંય અંત નહીં આવે ભાઈ! આહાહા!!

જેણે ત્રિકાળી શુદ્ધને પકડ્યો એને જ્ઞાનની પર્યાયમાં શુદ્ધતા ને આનંદનો સ્વાદ આવ્યો અને જ્ઞાનની સ્વપ્રકાશક પર્યાય થઈ પણ હજુ પુરણજ્ઞાન–કેવળજ્ઞાન ન હોવાથી થોડો રાગ આવે છે, તે રાગનું જ્ઞાન થાય છે. રાગ જેવો હોય તેવું જ્ઞાન થાય છે. રાગ મંદ હોય તો મંદનું જ્ઞાન અને તીવ્ર હોય તો તીવ્રનું જ્ઞાન થાય છે. તો એ રાગને આકારે જ્ઞાન થયું છે? કે જ્ઞાનનો પોતાનો પોતાથી જ્ઞાનકૃત આકાર તે પ્રકારે થવાને કારણે થયું છે? આહાહા!! મારગ ઝીણો છે ભાઈ! ઓહોહો! ગજબ વાત કરે છે ને!!

પર્યાયમાં શરીરનું, સ્ત્રીનું, કુટુંબનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાન શું પર-જ્ઞેયની અપેક્ષાથી થાય છે? કે ના. એ જ્ઞાનનો પરપ્રકાશકનો સ્વતઃ સ્વભાવ હોવાથી પરની અપેક્ષા વિના પરને જાણવારૂપ જે ભાવ થયો તે પોતાનું જ્ઞાનકૃત જ્ઞાતાનું કાર્ય છે.

જેને આત્માનું જ્ઞાન નથી તેની તો વાત છે જ નહીં. તે તો પરાધીન થઈને મિથ્યાત્વમાં પડ્યા રખડી મરવાના છે. આહાહાહા! જ્ઞાનની પર્યાય જેવો રાગ થાય, દ્વેષ થાય તે પ્રકારે તેવું જ જાણે તેથી તે જ્ઞાન જ્ઞેયને કારણે અશુદ્ધ છે? પરાધીન છે? - કે ના. તે જ્ઞાનનો તે વખતનો સ્વભાવ જ સ્વને પ્રકાશવાના કાળમાં પરને પ્રકાશવાનો સ્વતઃસ્વભાવ છે. એ જ્ઞાન સ્વતઃપણે રાગને જાણતું પરિણમે છે. આહાહા! "તે જ્ઞાયકનું જ્ઞાન છે, રાગનું જ્ઞાન નહીં" એમ કહે છે. આહાહા! અરેરે! આ ચીજ મળે નહીં ત્યાં શું કરે? આહા! અનંત ભવ થયા. દિગંબર જૈન સાધુ અનંતવાર થયો પણ આ રાગની એકતા તોડીને સ્વભાવનું ભાન કર્યું નહીં અને સ્વભાવનું જ્ઞાન થવામાં પરની કોઈ અપેક્ષા છે નહીં. અહીં તો કહે છે કે પરનું જ્ઞાન કરવામાં પણ પરની અપેક્ષા નથી. આહાહાહા! સમજાણું કાંઈ?

સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો ત્રણ લોકના નાથની વસ્તુ છે, બાપા! જેને ઈંદ્રો ને ગણધરો સાંભળે છે. આહાહા! એ વાત કાંઈ સાધારણ વાત હશે! આહાહાહા!!

ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન. જેમ પરદ્રવ્યનો તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવતો નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે, તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એકરૂપ થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાયનો કર્તા સ્વ-દ્રવ્ય—શુદ્ધ પારિણામિકભાવ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આત્મા સ્વભાવથી ભાવકર્મનો કર્તા પણ નથી

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૪)

આ સમયસાર નાટક છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કર્મના કર્તાભોક્તા બાબતમાં બહુ વિસ્તારથી સ્પષ્ટ કરે છે. ૨૬મુ પદ્ય થઈ ગયું છે.

કાલે ૨૬મા પદ્યમાં આવ્યું હતું કે अनादि मोहकौ भरम है। આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે, તે સ્વભાવથી જુઓ તો આત્મા ભાવકર્મનો કર્તા નથી. દ્રવ્યકર્મનો કર્તા તો નથી પણ સ્વભાવથી ભાવકર્મનો કર્તા પણ નથી. અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્માને જડનો કર્તા કહેવાય છે. પણ અહીં તો જ્યાં આત્મા નિર્મળ શુદ્ધ ચૈતન્ય છે ત્યાં તેમાં મલિનતા ક્યાં રહી! મેલ છે તે પર્યાયમાં છે. દ્રવ્ય અને ગુણ તો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય છે.

જ્યાં સુધી પોતાનો નિર્મળાનંદ સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો નથી ત્યાં સુધી અજ્ઞાની પોતાને દયા-દાનાદિ વિકારીભાવનો કર્તા માને છે. શરીર, વાણી, મન તો જડ પદાર્થ છે તેનો કર્તા તો અજ્ઞાની પણ થઈ શકતો નથી, કેમ કે કોઈ દ્રવ્ય નિકમ્મા એટલે કે 'કાર્ય વગર'નું હોતું નથી. પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે પોતાની પર્યાયરૂપ કાર્ય કરે જ છે તેને બીજું દ્રવ્ય કરતું નથી પણ જ્યાં સુધી જીવની દૃષ્ટિ પર ઉપર છે ત્યાં સુધી એ પર પ્રત્યેના રાગનો-વિકારનો કર્તા થાય છે.

વાત ઘણી સૂક્ષ્મ અને ગહન છે, તે સમજવામાં ઘણો પુરુષાર્થ છે. અજ્ઞાનીને એમ પ્રશ્ન થાય છે કે આત્મા પરમાત્મા જેવો શુદ્ધ છે તો તેમાં અશુદ્ધતા ક્યાંથી આવી? અને અશુદ્ધતા છે તો તેનો કર્તા આત્મા કેવી રીતે થયો? તેને ગુરુ કહે છે કે—

चेतन करता-भोगता, मिथ्या मगन अजान।
नहि करता नहि भोगता, निहचै सम्यकवान॥२७॥

અર્થ :—મિથ્યાત્વમાં લાગેલો અજ્ઞાની જીવ કર્મનો કર્તા-ભોક્તા છે, નિશ્ચયનું અવલંબન લેનાર સમ્યગ્દૃષ્ટિ કર્મનો ન કર્તા છે, ન ભોક્તા છે.

ચેતન કરતા મિથ્યાત્વમાં મગન જીવને 'હું આત્મા ચૈતન્ય આનંદના નૂરનું પૂર છું' એવી દૃષ્ટિ અનાદિથી નહિ હોવાથી મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની પર્યાયબુદ્ધિ હોવાને કારણે પુણ્ય-

પાપનો અને વિકારનો કર્તા-ભોક્તા થાય છે પણ જેને પર્યાયબુદ્ધિ છૂટીને સ્વભાવબુદ્ધિ થઈ છે એવા સમ્યગ્જ્ઞાની જીવ આત્માને વિકાર રહિત અને નિર્વિકાર ચૈતન્યપિંડ છું એમ અનુભવે છે તે રાગના કર્તા કે ભોક્તા થતાં નથી. માટે તે પુણ્ય-પાપના કર્તા પણ નથી અને હરખ-શોકના ભોક્તા પણ નથી.

જુઓ! જડકર્મનો કર્તા આત્મા નથી તેમ શરીરના કાર્યોનો કે ધંધાની વ્યવસ્થાનો કે દુનિયાના કામોનો કર્તા આત્મા બિલકુલ નથી. હું જડના કાર્યો કરું છું એવી અજ્ઞાનીની કલ્પના છે. જડ પરમાણુમાં પોતાના કર્તાકર્મપણાની અનંતશક્તિ પડી છે. એક એક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપદાન, અધિકરણની શક્તિ રહેલી છે તેથી પરમાણુ જ કર્તા થઈને પોતાના કાર્યરૂપે પરિણમે છે.

શ્રોતા :—પરમાણુને ખબર તો પડતી નથી તોપણ કાર્ય કેવી રીતે કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તેને ખબર પડવાની જરૂર નથી. ખબરવાળું તત્ત્વ તો એક ચેતન જ છે, બાકી તો બધાં ખબર વિનાના તત્ત્વો છે. પાંચેય દ્રવ્યો પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને પરિણમન કરે છે તેમાં તેને 'ખબર'ની જરૂર નથી. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ પાંચેય દ્રવ્યો અચેતન છે-જડ છે તેથી તેના અસ્તિત્વની પણ તેને ખબર નથી પણ અસ્તિ તો છે ને! અને સમયે સમયે નવી નવી અવસ્થાપણે પરિણમે પણ છે, કેમ કે એ તો દરેક વસ્તુનો સ્વભાવ છે.

પુદ્ગલની જે જે અવસ્થા થાય તેનો કર્તા પરમાણુ છે. દા.ત. કોળિયો મોઢામાં મૂકાય છે તે પુદ્ગલની ક્રિયા છે, આત્મા તેને લઈ શકતો નથી. હાથ પણ કોળિયાને લઈ શકતો નથી કેમ કે હાથના અને કોળિયાના પરમાણુ ભિન્ન છે. ખોરાકના કોળિયાના એકેએક પરમાણુમાં કર્તા-કર્મ આદિ ષટ્કારકની શક્તિ રહેલી છે. તેના વડે તેનું કાર્ય થાય છે. આ અમુક કાર્ય કરીને નોકરીનો પગાર તમને મળે છે ને! તે કાર્યના કર્તા તમે નથી. પરમાણુ સ્વયં તે કાર્યનો કર્તા છે.

શ્રોતા :—તો કંપની મફતમાં પગાર આપે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કંપની કાંઈ દેતી નથી. પૈસાના પરમાણુ જે આવવા યોગ્ય છે તે આવે છે. કોઈ લેતું નથી અને કોઈ આપતું નથી. રજકણની ક્રિયા પોતાથી પોતામાં પોતાના વડે પોતાના કાળે થાય છે તેને બીજું દ્રવ્ય ત્રણકાળમાં કદી કરી શકતું નથી.

ભગવાને જગતમાં છ દ્રવ્ય કહ્યાં છે તે તો જાતિ અપેક્ષાએ કહ્યાં છે. સંખ્યાથી

તો દ્રવ્યો અનંત છે. એક રાય જેવડા આલુના ટુકડામાં અસંખ્ય તો શરીર છે અને તે એકએક શરીરમાં એકએક પરમાણુ સ્વતંત્ર કાર્ય કરે છે. તે બધા જીવોના શ્વાસોચ્છ્વાસ, આહાર, શરીર એક હોવા છતાં દરેક જીવ પોતપોતાની પર્યાયને પોતે સ્વતંત્રપણે એકલાં કરે છે, કર્મ કે શરીરથી તે કાર્ય થતાં નથી. નિગોદના એક શરીરમાં રહેલાં જીવોની દ્રવ્ય-ઇન્દ્રિય એક હોવા છતાં ભાવ-ઇન્દ્રિય બધાંની અલગ–અલગ છે.

નિગોદના એક શરીરમાં જીવો કેટલા છે?—કે અત્યાર સુધીમાં જેટલાં સિદ્ધ થઈ ગયા છે તેનાથી અનંતગુણા જીવ તેમાં રહેલાં છે. છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવ સિદ્ધ થાય છે તો અનંત–ભૂતકાળમાં સિદ્ધો કેટલા થઈ ગયા! આ તો વિશ્વાસથી માનવા જેવી વાત છે ભાઈ! લસણ, પ્યાઝ વગેરે કંદમૂળની એક રાય જેવડી કટકીમાં અત્યાર સુધીમાં જેટલા સિદ્ધ થઈ ગયા તેના કરતાં અનંતગુણા જીવ છે. એ જીવોના બધાંના શ્વાસ આદિ એક છે. છતાં ભાવ-ઇન્દ્રિય બધાંની જુદી જુદી છે. આહાહા.......! અત્યારે ધંધા આડે તને આ સાંભળવા સમજવાની રુચિ નથી પણ તું પોતે આવા નિગોદમાં અનંતવાર રહી આવ્યો છો. જેમ સ્ત્રી પ્રથમ પિયરમાં હોય તેમ દરેક જીવનું પિયર નિગોદ છે. પહેલાં ત્યાં રહીને પછી જ ત્રસમાં આવ્યો છે.

અહીં કહે છે જીવ દ્રવ્ય-ઇન્દ્રિયનો તો કર્તા–ભોક્તા નથી પણ ભાવ-ઇન્દ્રિયનો કર્તા પણ અજ્ઞાનભાવે છે. ખંડખંડ ઇન્દ્રિયોનો કર્તા–ભોક્તા થવું એ મિથ્યાત્વ અને અજ્ઞાન છે, કારણ કે તેમાં અંશબુદ્ધિ છે. જ્યાં સુધી અંશબુદ્ધિ છે ત્યાં સ્વભાવદૃષ્ટિ નથી ત્યાં સુધી પુણ્ય–પાપની ક્રિયાનો પોતે કર્તા થાય છે અને ભોક્તા થાય છે અને જ્યાં પોતે નિજઘરની સંભાળમાં આવ્યો ત્યાં તે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિવાન્ થયો. તેની દૃષ્ટિમાં 'હું તો પૂર્ણાનંદ પ્રભુ છું' રાગ, પર્યાય કે ખંડખંડ ઇન્દ્રિયપણું હું નહિ. ક્ષયોપશમજ્ઞાનનો અંશ જે ભાવેન્દ્રિય છે તે પણ હું નહિ. ખંડ નહિ.....ખંડ નહિ. હું તો અખંડ જ્ઞાયક છું એવી દૃષ્ટિ થઈ જાય છે. ભગવાને વસ્તુસ્વરૂપ જેવું જોયું છે તેવું જ્ઞાનમાં આવે ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય છે. એ સમ્યગ્જ્ઞાન રાગનું કર્તા–ભોક્તા નથી, ધંધાનું કે દેહ–વાણી–મનનું કર્તા–ભોક્તા નથી.

અજ્ઞાન હતું ત્યાં સુધી વિકલ્પમાં કર્તા–ભોક્તા થતો હતો. હવે જ્યાં જ્ઞાન થયું ત્યાં અરે! હું કાંઈ જડ-ઇન્દ્રિય છું! હું કાંઈ ખંડ-ઇન્દ્રિય છું! હું કાંઈ રાગ છું! હું શરીર છું! નહિ.....નહિ.....હું તો પૂર્ણ બ્રહ્મપ્રભુ છું એવો અનુભવ થાય છે. જે માત્ર પૂરણ બ્રહ્મ પ્રભુની વાત કરે અને રાગનો કર્તા અજ્ઞાનભાવે પણ આત્માને ન માને તેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી.

સમ્યગ્જ્ઞાન થતાં તો કર્તાપણાનું બધું અભિમાન ગળી જાય–નીતરી જાય. હું કરું.....હું કરું......એ જ અજ્ઞાન છે. નિશ્ચયનું અવલંબન લેનાર સમ્યગ્દષ્ટિ ભાવકર્મના પણ કર્તા–ભોક્તા નથી. હવે ૧૩મા શ્લોક ઉપર ૨૮મુ પદ્ય કહે છે.

जैसे सांख्यमती कहै अलख अकरता हैं;
सर्वथा प्रकार करता न होइ कबहीं।
तैसें जिनमती गुरुमुख एक पक्ष सुनि,
याहि भांति मानै सौ एकंत तजौ अबहीं॥
जौलौं दुरमती तौलों करमकौ करता है,
सुमति सदा अकरतार कह्यौ सबहीं।
जाकै घटि ग्यायक सुभाउ जग्यो जबही सौं,
सो तो जगजालसौ निरालौ भयौ तबहीं॥२८॥

અર્થ :—જેવી રીતે સાંખ્યમતિ કહે છે કે આત્મા અકર્તા છે, કોઈપણ હાલતમાં કદી કર્તા થઈ શકતો નથી. જૈનમતિ પણ પોતાના ગુરુના મુખે એક નયનું કથન સાંભળીને આ જ રીતે માને છે પણ આ એકાંતવાદને અત્યારે જ છોડી દ્યો, સત્યાર્થ વાત એ છે કે જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે, સમ્યગ્જ્ઞાનની સર્વ હાલતોમાં સદૈવ અકર્તા કહ્યો છે. જેના હૃદયમાં જ્યારથી જ્ઞાયકસ્વભાવ પ્રગટ થયો છે તે ત્યારથી જગતની જંજાળથી નિરાળો થયો છે—અર્થાત્ મોક્ષ સન્મુખ થયો છે.

સાંખ્યમતિ તો આત્માને એકાંતે અકર્તા માને છે પણ જૈનધર્મી થઈને પણ આત્માને ત્રિકાળ અકર્તા માને, અજ્ઞાનદશામાં પણ રાગનો કર્તા ન માને તો તે પણ સાંખ્યમતિ જેવો મિથ્યાદૃષ્ટિ છે. ગુરુએ કહ્યું કે આત્મા કર્તા નથી, અકર્તા છે, શાસ્ત્રમાં પણ આવે છે કે આત્મા અકર્તા છે તેથી જૈનકુળમાં જન્મેલો આ પણ એકાંતે કહે છે કે આત્મા અકર્તા છે. પણ ક્યારે! સમ્યગ્જ્ઞાન થાય ત્યારે આત્મા રાગનો કર્તા થતો નથી માટે અકર્તા છે. પરનો કર્તા નથી એ તો બરાબર છે પણ અજ્ઞાનદશા છે ત્યાં સુધી રાગનો કર્તા છે. રાગનો અકર્તા માને તો તે બરાબર નથી. અજ્ઞાનભાવે રાગનો–વિકારનો–ભાવકર્મનો કર્તા બરાબર છે.

અહીં 'અલખ' શબ્દ કહ્યો છે તેનો અર્થ ઈન્દ્રિયો વડે જણાતો નથી માટે આત્માને 'અલખ' કહેવાય છે. સાંખ્યમતિની જેમ જૈનમતિ પણ ગુરુના મુખે એક પક્ષની વાત સાંભળી માને છે કે ચિદાનંદ આત્મા રાગનો કર્તા થતો નથી.

શ્રોતા :—એ તો આપ વારંવાર કહો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :—કઈ અપેક્ષાએ કહેવાય છે તે સમજવું જોઈએ. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ અને શુદ્ધ ચિદાનંદ સ્વભાવનો જેને સ્વીકાર થયો તે આત્મા રાગનો કર્તા નથી. પણ જ્યાં સ્વભાવનો સ્વીકાર તો નથી ત્યાં રાગનો સ્વીકાર તો રહેલો છે અને કહે છે કે અમે રાગના કર્તા નથી તો એ તો આત્મઘાતી છે.

ગુરુના મુખે એક પક્ષની વાત સાંભળી કે આત્મા જ્ઞાયક હોવાથી રાગનો કર્તા નથી. એવી નિશ્ચયની વાત સાંભળીને કોઈ જિનમતિ તે વાત તો સ્વીકારે પણ બીજા પક્ષની વાત છે કે 'અજ્ઞાનદશામાં આત્મા પુણ્ય-પાપનો કર્તા છે' એ વાત એ ભૂલી જાય છે તેને અહીં કહે છે કે આવા એકાંતવાદને અત્યારે જ છોડી દ્યો, કેમ કે જ્યાં સુધી તને અજ્ઞાન છે ત્યાં સુધી રાગનો કર્તા તું જ છો. પોતાનો સ્વભાવ-નિજ ચિદાનંદ પ્રભુના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ્યાં સુધી આવ્યો નથી ત્યાં સુધી એ દૂરમતિ છે-દુર્બુદ્ધિ છે. અરે, હું કોણ છું? ક્યાં છું? કેવી અવસ્થામાં છું? એવી જેને ખબર નથી તે દુર્બુદ્ધિ કર્મનો-રાગનો કર્તા થાય છે. વ્યવહાર-શુભરાગનો કર્તા પણ અજ્ઞાની થાય છે એમ કહે છે. દયા-દાન-વ્રત-ભક્તિના શુભરાગનો કર્તા દુર્મતિ થાય છે.

અરે ભગવાન! તારી ચીજ મહાન અનંત શક્તિથી ભરેલો ભંડાર છે એવું જ્યાં સુધી ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની-દુરમતિ જ રાગનો કર્તા છે. સુમતિ સદા અકરતા સમ્યગ્જ્ઞાની આત્મા શરીર, કર્મથી તો ભિન્ન છે જ પણ રાગ અને અલ્પજ્ઞપણાથી પણ પોતાને ભિન્ન સ્વરૂપે જાણે છે માટે તેનો પણ એ અકર્તા છે. ૩૧મી ગાથામાં તેને જિતેન્દ્રિય કહ્યો છે ને! ઈન્દ્રિયોને જીતી એટલે શું? કે તેણે શબ્દ, રસ, રૂપ, ગંધાદિ ઈન્દ્રિયોનો રસ છોડી દીધો, રાગનો રસ છોડી દીધો અને ભાવેન્દ્રિય કે જે એકએક વિષયને જાણે છે તે ખંડખંડ જ્ઞાનની રુચિ પણ છોડી દીધી અને અખંડ જ્ઞાયકની રુચિરૂપ સુમતિ પ્રગટ થઈ તે સુમતિ સદા અકર્તા છે.

સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર હોય છે પણ સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી સદા મુક્ત છે અને અજ્ઞાની વ્યવહારથી સંયુક્ત છે. બસ! આટલો ફેર છે. આ કાંઈ કહેવાની વાત નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. પોતાની વસ્તુનું ભાન થતાં જ જ્ઞાની રાગના અકર્તા થઈ જાય છે. પછી પાંચ ઈન્દ્રિયના વિષયોની વાસના આવે, લડાઈ લડવાનો પ્રસંગ બને પણ તે વખતે પણ જ્ઞાની અકર્તા છે. આવી વાત છે.

સત્ય વાત જેના સાંભળવામાં ન આવે તે વિચાર ક્યાંથી કરે? અને વિચાર વગર રુચિ અને પરિણમન ક્યાંથી કરે?

जाकै धटि ग्यायक सुभाउ जग्यौ जबहीसौं હું તો જાણનાર-દેખનાર પરમ બ્રહ્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ છું એવી સમ્યક્બુદ્ધિ-સમ્યગ્જ્ઞાન થયું ત્યાં તો એ જગજાળથી છૂટી ગયો. વ્યવહારનો વિકલ્પ એ જગજાળ છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિ બધાં શુભાશુભરાગ જગજાળ છે-સંસાર છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો રાગ આવે છે પણ જ્ઞાની તેને હેય જાણે છે, કર્તા થતાં નથી, થાય છે તેને જાણે છે. કર્તા થાય છે તે અજ્ઞાની છે. કાલે પ્રશ્ન થયો હતો ને! ઘરે મહેમાન આવે તો ચા-પાણી કરવા કે ન કરવા? અરે ભાઈ! આત્મા ચા-પાણી કે પુદ્ગલની કોઈ ક્રિયા કરી શકતો જ નથી પછી કરવા ન કરવાની વાત જ ક્યાં છે? સમજે નહીં એ લોકો મશ્કરી કરે કે નિશ્ચયવાદી એવા હોય કે કાલે અમારે ત્યાં જમવા આવજો એમ કહે પણ જમવા આવે ત્યારે કહેતાં હશે કે 'ભોજન બન્યું નથી, અમે તો બનાવી શકતાં નથી.'.....એ....જેને ભોજન માટે બોલાવવાનો વિકલ્પ આવ્યો તેને ભોજન બનાવવાનો વિકલ્પ પણ આવે છે. ભોજન બનાવી શકતો નથી એ વાત બીજી છે. લોકો તત્ત્વ સમજે નહિ એટલે મશ્કરી કરે કે સોનગઢવાળા તો એમ કહે છે કે મોટરને માણસ ચલાવતો નથી, મોટર પોતાની શક્તિથી ચાલે છે અને આપણે મોટરથી બીજે જતાં નથી, આપણાથી જઈએ છીએ......સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે, આપણી મોટર તો પેટ્રોલથી ચાલે છે.....અરે ભગવાન! મોટરના એકએક પરમાણુ પોતાની પર્યાયના કારણે ગતિ કરીને ક્ષેત્રાંતર કરે છે. બીજાં પરમાણુના ધક્કાથી પણ ચાલતાં નથી. માટે બીજાના કાર્ય હું કરી શકું છું, બધી વ્યવસ્થા હું સંભાળુ છું એ બધું ગાડાની નીચે ચાલ્યું જતું કુતરું એમ માને કે 'હું ગાડું ચલાવું છું' એના જેવી વાત છે. ભાઈ! તને ખબર નથી, આ બધું તારું મિથ્યા અભિમાન છે.

આચાર્યદેવ કહે છે કે જ્યાં સુધી ચૈતન્યપ્રભુનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાની વિકારનો કર્તા છે એમ નક્કી કરજે. પાઠમાં-શ્લોકમાં પહેલી લાઈનનો છેલ્લો શબ્દ <u>इवाप्यार्हताः</u> આવ્યો ને! અર્હતના મતને માનવાવાળો પણ જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી વિકારનો કર્તા છે એમ માનવું. આ વ્યવહારુ જૈનની વાત છે હો! જ્ઞાયકસ્વભાવ જાગ્યો નથી ત્યાં સુધી જૈન હોય તેણે પણ વિકારનું કર્તાપણું સ્વીકારવું પડશે. વસ્તુ તો શુદ્ધ છે તો તેમાં વિકાર ક્યાંથી આવ્યો? અરે! મેલ-વિકાર તેં ઉત્પન્ન કર્યો માટે આવ્યો છે.

એક બોલ યથાર્થ સમજી જાય તો બધાં ભાવ ખ્યાલમાં આવી જાય. પણ એકનું પણ ઠેકાણું ન હોય તેને બધો ભાવ ક્યાંથી સમજાય?

અષ્ટપાહુડમાં 'જ્ઞાનસલિલ' કહીને એમ કહ્યું છે કે જ્યાં જ્ઞાનનો પ્રવાહ-ચૈતન્ય પ્રવાહ એ જ મારી ચીજ છે એમ ખ્યાલમાં આવ્યું ત્યાં જ્ઞાની રાગના કર્તા થતાં નથી.

બહુ સૂક્ષ્મ વાત છે! લોકોને સાંભળવામાં ન આવે ત્યાં ઘડ કેમ બેસે? ૯૭ની સાલમાં આ જિનમંદિર બંધાયું તે જ સાલમાં અહીં એક વકીલે પ્રશ્ન કર્યો હતો કે જો પરદ્રવ્યનું કાર્ય જીવ ન કરી શકતો હોય તો આ લ્યો મેં હાથ ઊંચો કર્યો. તો થયો ને! અરે ભાઈ! એ હાથ તારાથી ઊંચો થયો કે પુદ્‌ગલથી ઊંચો થયો તેની તને ખબર નથી. હાથ તેના પરમાણુથી ઉંચો થયો છે.

કોઈ એમ કહે કે તમે કહો છો કે માંસ ખાવામાં અને કંદમૂળ ખાવામાં પાપ છે પણ અમને તો એ ખાવાથી ક્ષુધા મટે છે એમાં પાપ ક્યાં આવ્યું? અરે ભાઈ! માંસ ખાવાની ક્રિયા તો જડની થઈ અને ક્ષુધા મટી એ પૂર્વના શાતાકર્મના ઉદયથી ક્ષુધા મટી છે. માંસ ખાવાથી ક્ષુધા મટતી નથી. કંદમૂળમાં પણ એક કટકીમાં અનંત જીવ છે તે ખાવાના ભાવથી તો પાપ જ બંધાય છે. સકરકંદ આદિ બાફીને ખાધા માટે મને ભૂખ મટી એમ માનવું તારું અજ્ઞાન છે. ભૂખ મટવાનું કારણ જુદું છે અને સંયોગ જુદો છે. જીવને તેના ભાવનું ફળ મળ્યા વગર રહેતું નથી.

એક નાસ્તિક શેઠના ઘરે ઘણાં વર્ષે બાળકનો જન્મ થયો, તેને રાજા રમાડવા ગયા. પણ કુમળા બાળકને જોઈને રાજા કહે મને તો ભૂખ લાગી છે તો બાળકને ખાવાની ઈચ્છા છે....ત્યારે શેઠ કહે અરે-અરે મહારાજ.....એ ન ખવાય, એમાં તો બહુ પાપ લાગે. અરે! તું નાસ્તિક હતો ને! પાપમાં માનતો ન હતો પણ પોતાના બાળક ઉપર વાત આવી ત્યારે પાપ સમજાયું.

શાતાનો ઉદય આવે તો જ ક્ષુધા મટે છે, ખાવાથી ક્ષુધા મટતી નથી એની તને ખબર નથી. અનંતકાળથી ખાતો આવ્યો છો તોપણ ક્ષુધા કેમ ન મટી? માંસ, કંદમૂળ આદિ ખાવાના ભાવથી તો તને પાપ જ લાગ્યું છે. દરેક વાત ન્યાયથી સિદ્ધ કરીને માનવી જોઈએ. કલ્પનાથી માની લેવાથી એ સત્ય ન થઈ જાય.

જ્યાં સુધી અજ્ઞાની છે, આત્માનું ભાન નથી ત્યાં સુધી જીવ રાગનો અને વિકારનો કર્તા છે; પરનો કર્તા તો અજ્ઞાની પણ નથી. પણ અજ્ઞાની તો કહે કે અમે પરના કાર્ય

કરી શકીએ છીએ એમ પ્રત્યક્ષ દેખાય છે. ભાઈ! આંધળો કહે કે 'મેં નજરે જોયું' તેના જેવી વાત છે. તને સ્વદ્રવ્ય શું છે, પરદ્રવ્ય શું છે, કેવા ભાવનું કેવું ફળ મળે છે તેની ક્યાં કાંઈ ખબર છે?

जाके घट ग्यायक सुभाउ जग्यौ जबहीसौं, सो तौ जगजालसौं निरालौ भयौ तबही। જ્યાં જ્ઞાયક સ્વભાવ જાગ્યો ત્યાં જ્ઞાની વ્યવહારના વિકલ્પથી નિરાળા થઈ ગયાં. બધાં સંયોગોની વચ્ચે પડેલાં હોવા છતાં જ્ઞાની જગજાળથી નિરાળા છે. એક 'જ્ઞાયક' જ મારી વસ્તુ છે, હું જ સ્વામી છું. રાગથી લઈને બધી ચીજ મારા માટે પર છે, હું તેનો સ્વામી નથી.

ભાઈ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. જ્યાં સુધી રાગ અને પુણ્ય-પાપ ઉપર બુદ્ધિ હતી ત્યાં સુધી એ સ્વભાવથી વિમુખ હતો અને સંસારથી સન્મુખ હતો તેથી રાગનો કર્તા થતો હતો. જ્યાં રાગથી દૃષ્ટિ ખસીને સ્વભાવમાં દૃષ્ટિ ઝૂકી ગઈ ત્યાં એ આખા જગતની જાળથી નિરાળો થઈ ગયો.

बौध छिनकवादी कहै, छिनभंगुर तन मांहि।
प्रथम समय जो जीव है, दुतिय समय सो नांहि॥२९॥
तातैं मेरे मत विषैं, करै करम जो कोइ।
सो न भोगवै सरवथा, और भोगता होइ॥३०॥

અર્થ :—ક્ષણિકવાદી બૌદ્ધમતવાળા કહે છે કે જીવ શરીરમાં ક્ષણભર રહે છે, સદૈવ રહેતો નથી. પ્રથમ સમયે જે જીવ છે તે બીજા સમયે રહેતો નથી. તેથી મારા વિચાર પ્રમાણે જે કર્મ કરે છે તે કોઈ હાલતમાં પણ ભોક્તા થઈ શકતો નથી, ભોગવનાર બીજો જ હોય છે.

આ તો બૌદ્ધનું દૃષ્ટાંત આપ્યું છે. વર્તમાનબુદ્ધિજીવ પર્યાયને જ આત્મા માને છે. ત્રિકાળ આત્માની દૃષ્ટિ નથી, પર્યાય તે જ હું એવી બુદ્ધિ છે તે બધા ક્ષણિકવાદી બૌદ્ધમતિ જીવ છે. પર્યાય પાછળ આખું દ્રવ્ય પડ્યું છે એવી ધ્રુવબુદ્ધિ નથી તે વર્તમાન પર્યાયને જ માનવાવાળા પર્યાયબુદ્ધિ બૌદ્ધમતિ જેવા જ છે. 'આ લોક મીઠો, પરલોક કોણે દીઠો?' એવી પર્યાયબુદ્ધિવાળાને એકલો વિકાર અને તેના ફળમાં દુઃખ જ હોય છે. વર્તમાનને જ આખો આત્મા માને છે તેથી મરીને ક્યાં જઈશ, મારું શું થશે એ વિચારતો જ નથી. 'ગોલણ ગાડા ભરે......મારે શી ચિંતા! હું તો રહીશ નહિ' એમ માને છે પણ પર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણે તો તું રહેવાનો જ છો.

બૌદ્ધ ક્ષણિકવાદી કહે છે કે પહેલાં સમયે જે જીવ છે તે બીજા સમયે નથી. તો આ સંસ્કાર શી રીતે આવે છે?–એ સંસ્કાર બીજા સમયે આવે છે પણ પર્યાય તો ગઈ તે ગઈ–એટલો જ આત્મા હતો. વર્તમાનમાં જે છે તે છે, ભવિષ્યમાં શું થશે કોણ જાણે! આવું માનનારા બધા વર્તમાન પૂરતો જ આત્મા માને છે તેથી તો પ્રતિકૂળતા આવે ત્યાં ઝેર પી લે છે, અગ્નિમાં બળી જાય છે, કેરોસીન છાંટીને મરી જાય છે.....એ બધા વર્તમાન પૂરતો જ આત્માને માને છે. હું જ્યાં હોઉં ત્યાં ત્રિકાળી છું.....ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છું એવી દૃષ્ટિ નથી, ક્ષણભંગુર જ માને છે.

तातैं मेरे मत विषै તેથી મારા મત અનુસાર જે આત્મા કર્મ કરે છે તે ભોગવતો નથી. કર્મ કરે બીજો અને ભોગવે બીજો. ખરેખર પર્યાય બીજી ભોગવે છે પણ આત્મા તો એનો એ છે એમ એ માનતાં નથી. હું પાપ કરું છું પણ ફળ તો બીજા ભવે બીજી પર્યાય ભોગવશે મારે કાંઈ નહિ. અરે! તું જ વર્તમાનપર્યાયને કરે છે અને તું જ બીજાં ભવે ફળને ભોગવીશ.

यह एकंत मिथ्यात पख, दूर करनके काज।
चिद्विलास अविचल कथा, भाषै श्री–जिनराज॥३१॥

बालापन काहू पुरुष, देख्यौ पुर एक कोई।
करुन जाए किरिकैं लख्यौ, कहै नगर यह सोइ॥३२॥

जो दुहु पनमैं एक थौ, तौ तिनि सुमिरन कीय।
और पुरुषकौ अनुभव्यौ, और न जानैं जीय॥३३॥

जब यह वचन प्रगट सुन्यौ, सुन्यौ जैनमत सुद्ध।
तब इकंतवादी पुरुष, जैन भयौ प्रतिबुद्ध॥३४॥

અર્થ :—આ એકાંતવાદનો મિથ્યાપક્ષ દૂર કરવા માટે શ્રીમદ્ જિનેન્દ્રદેવ આત્માના નિત્ય સ્વરૂપનું કથન કરતાં કહે છે કે કોઈ માણસે બાળપણમાં કોઈ શહેર જોયું અને પછી કેટલાક દિવસો પછી યુવાન અવસ્થામાં તે જ શહેર જોયું તો કહે છે કે આ તે જ શહેર છે જે પહેલાં જોયું હતું. બંને અવસ્થાઓમાં તે એક જ જીવ હતો તેથી તો તેણે યાદ કર્યું. કોઈ બીજા જીવનું જાણેલ તે જાણી શકે નહિ. જ્યારે આ જાતનું સ્પષ્ટ કથન સાંભળ્યું અને સાચો જૈનમતનો ઉપદેશ મળ્યો ત્યારે તે એકાંતવાદી મનુષ્ય જ્ઞાની થયો અને તેણે જૈનમત અંગીકાર કર્યો.

.......चिद्विलास अविचल कथा भाषै श्रीजिनराज । ભગવાન! તારો જ્ઞાનમય આત્મા તો અનાદિનો છે તેથી જ તો એ પૂર્વ અને પછીની સંધિ કરી લે છે કે મેં બાળપણમાં જે નગર જોયું હતું તે જ આ નગર છે. આ નગરને પહેલાં પણ મેં જોયું હતું અને અત્યારે પણ હું જ જોનારો છું. મારો ત્રિકાળી આત્મા એકનો એક છે. રાજુલને પૂર્વભવનું જ્ઞાન થયું ત્યારે તેને પૂછ્યું હતું કે તું ગીતાને ઓળખીશ? ત્યારે તે બોલી અરે! ગીતા તો હું જ છું. પૂર્વભવમાં જે ગીતા હતી એ જ હું અહીં છું.

આ મકાનમાં હું પચાસ વર્ષ રહ્યો હતો તે જ આ મકાન છે એમ કોણ જાણે! એ જ આત્મા હોય તો જાણે ને! બીજાનો અનુભવ બીજો જ કોઈ માણસ ન જાણે. ક્ષણક્ષણનું સ્મરણ કરનારો પોતે ત્રિકાળી છે.

जब यह वचन प्रगट सुन्यौ.......જૈનમતનો આવો ઉપદેશ સાંભળતાં એકાંતવાદી પુરુષ પર્યાયબુદ્ધિ છોડીને જ્ઞાની થાય છે. પેલો જે આત્મા હતો તે જ હું આ છું એવી નિત્ય આત્માની બુદ્ધિ થયા વિના પર્યાયબુદ્ધિ નાશ પામતી નથી. માટે પર્યાયબુદ્ધિનો નાશ કરાવવા માટે આ વાત કહેવાય છે. (ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

પોરબંદરનિવાસી તરલાબેન મનસુખલાલ દોશી (વર્ષ–૭૫) તા. ૧૯-૪-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી શાંતાબેન વૃજલાલ શેઠ (વર્ષ–૮૯) (–તે બ્ર. ઉષાબેનના માતુશ્રી) તા. ૭-૫-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી સુનિલભાઈ પ્રવીણચંદ્ર કોઠારી (વર્ષ–૪૫) (–તે સ્વ. મનોરમાબહેનના સુપુત્ર) તા. ૨૯-૫-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

(પ્રવચન નં. ૩)

## આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ

* જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે,
* પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી,
* પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે.
* પરભાવોમાં મમત્ત્વ કરતા નથી,
* પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે ખરા, પરંતુ ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં જે રાગ-દ્વેષ કરતા નથી,
* શરીરની અનેક અવસ્થા થાય છે–બાહ્ય નાના પ્રકારના નિમિત્ત બને છે પરંતુ ત્યાં કંઈપણ સુખદુ:ખ જે માનતા નથી,
* વળી પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને છે તેમ બને છે પરંતુ તેને ખેંચીતાણી તે કરતા નથી,
* પોતાના ઉપયોગને જેઓ બહુ ભમાવતા નથી, પણ ઉદાસીન થઈ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે,
* કદાચિત્ મંદરાગના ઉદયથી શુભોપયોગરૂપ પણ થાય છે, જે વડે તે શુદ્ધોપયોગના બાહ્યસાધનોમાં અનુરાગ કરે છે,
* પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે,
* તીવ્રકષાયના ઉદયના અભાવથી હિંસાદિરૂપ અશુભોપયોગ-પરિણતિનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી,
* આવી અંતરંગ અવસ્થા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે,
* શરીર-સંસ્કારાદિ વિક્રિયાથી જેઓ રહિત થયા છે,

❋ વનખંડાદિ વિષે જેઓ વસે છે,

❋ અઠ્ઠાવીસ મૂળગુણોને જેઓ અખંડિત પાલન કરે છે,

❋ બાવીસ પરિષહને જેઓ સહન કરે છે,

❋ બાર પ્રકારના તપને જેઓ આદરે છે,

❋ કદાચિત્ ધ્યાનમુદ્રા ધારી પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે,

❋ કદાચિત્ અધ્યયનાદિક બાહ્યક્રિયામાં પ્રવર્તે છે,

❋ કોઈવેળા મુનિધર્મ સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર-વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે.

—એ પ્રમાણે જેઓ જૈનમુનિ છે તે સર્વની એવી જ અવસ્થા હોય છે.

આત્માના જ્ઞાનપૂર્વક વૈરાગ્ય થતાં સમસ્ત પરિગ્રહ છોડીને, અંતરમાં શુદ્ધોપયોગ વડે ત્રણ કષાયોનો અભાવ થતાં મુનિદશા પ્રગટે છે.

મુનિધર્મ કેવો છે? કે : શુદ્ધોપયોગરૂપ છે. તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એટલે મુનિ થનારને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો પહેલાં થયું છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ આ મુનિદશાની વાત છે–એમ સમજવું.

સમ્યગ્દર્શન વગર તો ચોથું કે પાંચમું ગુણસ્થાન પણ હોતું નથી; તો પછી મુનિદશાનું છઠ્ઠું સાતમું ગુણસ્થાન તો કેમ હોય?

પહેલાં મુનિ થઈને વ્યવહારચારિત્ર પાળે ને પછી ભગવાન પાસે જઈને સમ્યગ્દર્શન પામશું—એમ જે માને છે, તેને તો મુનિદશાની પણ ખબર નથી ને સમ્યગ્દર્શનની પણ ખબર નથી.

સમ્યગ્દર્શનપૂર્વક વૈરાગ્ય થતાં વસ્ત્રાદિ સમસ્ત પરિગ્રહ છોડીને, અંતરૂસ્વભાવના અવલંબને શુદ્ધોપયોગી ચારિત્ર પ્રગટ્યું, તેનું નામ મુનિદશા છે. જૈનમુનિઓ આવા હોય છે. તે મુનિ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. શુદ્ધોપયોગરૂપ વીતરાગી ચારિત્ર તે જ ખરી મુનિદશા છે, એ સિવાય શુભરાગમાં કે શરીરની દિગંબરદશામાં ખરેખર મુનિપણું નથી. મુનિઓને પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગગુણ વગેરે હોય છે, તે શુભોપયોગ હોય તો ભલે, પણ તે શુભોપયોગ વડે કાંઈ મુનિદશા નથી. મુનિ ખરેખર તે શુભને આદરતા નથી પણ અંતરમાં શુદ્ધોપયોગને જ આદરે છે. કેવળજ્ઞાન શુદ્ધોપયોગ વડે જ

સધાય છે. છઠ્ઠા ગુણસ્થાને પણ ત્રણ કષાયના અભાવરૂપ જે નિર્વિકારી ચારિત્ર છે તે જ મુનિપણું છે, ત્યાં રાગ છે તે કાંઈ મુનિપણું નથી; મુનિ તે રાગમાં કે શરીરની ક્રિયામાં મમત્વ કરતા નથી.

પોતાના જે જ્ઞાનાદિ સ્વભાવ છે, તેને જ પોતાના માને છે. એ સિવાય, કોઈ પણ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી તેમ જ રાગાદિ પરભાવોમાં મમત્વ કરતા નથી.

જોકે ચોથા ગુણસ્થાનવાળો સમકિતી પણ પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાનું સ્વરૂપ માને છે ને પરદ્રવ્યોમાં કે પરભાવોમાં મમત્વ કરતો નથી. પણ અહીં મુનિદશાને યોગ્ય વીતરાગી શુદ્ધોપયોગસહિતની વાત છે.

પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ન હોવા છતાં પરદ્રવ્ય તથા તેના સ્વભાવો જ્ઞાનમાં સ્વયં પ્રતિભાસે છે, તેને મુનિ જાણે છે ખરા, પણ તેને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરતા નથી.

સમકિતીને પણ પરમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ તો નથી, પણ હજી રાગ-દ્વેષ થાય છે ને મુનિદશામાં તો ઘણી જ વીતરાગતા પ્રગટી છે.

મુનિ પરચીજોને જાણતાં જ નથી—એમ નથી. આકુળતાથી પરને જાણવા નથી જતાં, પણ પરદ્રવ્ય સહેજે જ્ઞાનમાં જણાય છે તેને જાણે છે ખરા, પરંતુ તેમાં ક્યાંય મમત્વ કરતા નથી; તેમ જ ક્યાંય ઈષ્ટ-અનિષ્ટપણું માનતા નથી ને રાગ-દ્વેષ કરતા નથી.

વળી, શરીરની અનેક અવસ્થા થાય છે, રોગાદિ થાય, તેમજ બહારમાં અનેક પ્રકારનાં નિમિતો બને છે પરંતુ તેમાં જરાપણ સુખ-દુઃખ માનતા નથી.

પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનીને રાગ-દ્વેષ કરતા નથી ને સુખ-દુઃખ માનતા નથી—આવી મુનિદશા હોય છે. ઈન્દ્ર આવીને પૂજા કરે કે સિંહ-વાઘ આવીને શરીરને ફાડી ખાય—તેમાં મુનિ સુખ-દુઃખ માનતા નથી.

સમકિતી પણ પરથી સુખ-દુઃખ માનતા નથી પરંતુ મુનિને તો તે ઉપરાંત સ્વરૂપ-સ્થિરતા ઘણી વીતરાગી થઈ ગઈ છે, તેથી હર્ષ-શોક થતા નથી.

પોતાની મુનિદશાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને છે તેમ બને છે, પરંતુ તેને ખેંચી-તાણીને કરતા નથી; ઉદાસીનપણે સહેજે બહારની ક્રિયા બને છે.

મારે આટલા વખતમાં અમુક વિહાર કરવો જ પડશે, અમુક પ્રસંગે મારે બોલવું જ પડશે—એવો બાહ્યક્રિયાનો હઠાગ્રહ મુનિને હોતો નથી. (ક્રમશઃ)

❑ * ❑

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત: ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**શ્રુતપંચમી પર્વ :**–જેઠ સુદ ૫ તા. ૮-૬-૨૦૦૮, રવિવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવ્યો હતો.

**આર્દ્રા નક્ષત્ર :**–તા. ૨૧-૬-૨૦૦૮, શનિવારના રોજ રાત્રે ૯-૪૪ વાગ્યે પ્રારંભ થાય છે

### ન્યૂયોર્ક (અમેરિકા)માં પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૧૯મો જન્મજયંતી ઉત્સવ તથા ચાર દિવસની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (U.S.A.)એ આયોજિત કરેલ આધ્યાત્મિક શિબિર (મે, ૨૩ થી ૨૬, ૨૦૦૮) તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૯મો જન્મજયંતી ઉત્સવ અતિ ઉલ્લાસપૂર્વક સંપન્ન થયો. ન્યૂયોર્ક શહેર તથા અમેરિકાના દૂરના સ્ટેટોમાંથી તથા લંડન, ભારતથી આ શિબિરમાં ભાગ લેવા આશરે ૨૦૦થી વધુ મુમુક્ષુઓ હાજર રહેલા.

સર્વ કાર્યક્રમ જૈન સેન્ટર ઑફ અમેરિકાના વિશાળ ધર્મ-સ્થળમાં આયોજિત કરવામાં આવેલ. શ્રી રાજેન્દ્ર કામદાર, શ્રી રસિકભાઈ શેઠ, ડૉ. કિરિટ ગોસલીયા, ડૉ. સિદ્ધાર્થ શાહ, ડૉ. દીનકર શાહે મુખ્ય શાસ્ત્રો તથા અન્ય વિષય પર રસપૂર્ણ સ્વાધ્યાય કરાવેલ. ન્યૂયોર્કના મુમુક્ષુ : હિના પંચામીયા, પીંકી દોશી, અમિતા વડાલિયાએ આ પ્રસંગને સ્પોન્સર કરેલ. પૂજા, ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન, સ્વાધ્યાય, તત્ત્વચર્ચા, ગુરુદેવશ્રીના વધામણા, ભક્તિ વિ. કાર્યક્રમમાં સામેલ હતા. આ ધર્મસ્થળમાં ભવ્ય દિગંબર જિનાલયમાં પૂજા, દર્શનનો લાભ સૌને પ્રાપ્ત થયેલ.

૧૨૦મી જન્મજયંતી તથા ચાર દિવસની શિબિર (૨૦૦૯ દરમ્યાન) માટે U.S.A.ના ત્રણ સેન્ટરોમાંથી આગોતરા આમંત્રણ મળી ચૂક્યા છે. વિશેષ માહિતી માટે સંપર્ક સાધો :—

હસમુખ મગનલાલ શાહ
પ્રેસીડેન્ટ, જૈન સ્વાધ્યાયમંદિર, સોનગઢ (U.S.A.)
**Phone : 727-934-3255**
**Email : HASMUKH33@YAHOO. COM**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ સઘન વૃક્ષોના વનમાં છાયા માંગવી નથી પડતી, સ્વયં મળી જાય છે. તેમ આત્મદ્રવ્ય પાસે યાચના કરવી નથી પડતી, પરંતુ પૂર્ણાનંદની સમીપ દૃષ્ટિ પડતાં જ છાયા સ્વયં મળી જાય છે, માગવી નથી પડતી. હે જિનેન્દ્ર! તું તો વીતરાગ છો તેથી કોઈને કાંઈ આપતો નથી, કોઈથી કાંઈ લેતો નથી પરંતુ વૃક્ષની છાયાની જેમ તારું શરણ જે લે છે તેને સ્વયં શરણ મળી જાય છે. આત્મદ્રવ્યની દૃષ્ટિ કરતાં નિઃશંક છે કે આત્મા કૃપા કરે જ. ૪૪૬.

❀ અરે! આવી સત્યની વાત હતી જ ક્યાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું-વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલિયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે છે. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. ધારણા જ્ઞાન થવું તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રુચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે—એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે. ૪૪૭.

❀ સમ્યગ્દૃષ્ટિને પંચપરમેષ્ઠી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પ્રેમ ને એનાથી વિરુદ્ધ કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ પ્રત્યે દ્વેષનો અંશ છે, પણ એ રાગ અને દ્વેષ પોતાના જ્ઞાતાનું જ્ઞેય છે. તેને પોતાના માનતો નથી, પોતાથી થયા માનતો નથી ને તેનાથી લાભ માનતો નથી. વ્યવહાર-સમકિત છે પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગ છે તો મને લાભ છે, રાગ કર્યો તો ઠીક કર્યું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીને જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી રાગ રહે છે અને દ્વેષનો અંશ પણ રહે છે પણ તેને સ્વરૂપમાં એકત્વ નથી કરતાં અને અજ્ઞાની તો એમાં જ પડ્યો રહે છે કે રાગ કર્યો તે ઠીક કર્યું. ૪૪૮.

*

આત્મધર્મ
જૂન,-૨૦૦૮
અંક-૧૦ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે જાણે તે આત્મા

આ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનની પર્યાયો મતિ-શ્રુત-અવધિ-મન:પર્યય-કેવલ્ય—પાંચ પ્રકારની છે. કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય, પોતાના અનંતાગુણોની પર્યાય અને પોતાની પણ પર્યાય જે સમયે સમયે વ્યવસ્થિત છે તે થવાનો છે અને અનંતકાળ થાય છે તેને એટલે કે કેવળજ્ઞાનનો પર્યાય, પોતાના ગુણોની પર્યાય અને જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોની જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે છે. મતિજ્ઞાન પણ તે રીતે જ વ્યવસ્થિત જાણે—અલ્પ ઓછું જાણે એ અત્યારે પ્રશ્ન નથી. શ્રુતજ્ઞાન પણ એ રીતે જ જાણે. જ્ઞાનનો વ્યવસ્થિત જાણવાનો ને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે તેનું જ્ઞાન કરવાનો તેનો સ્વભાવ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662